સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કર્યાં હોય એન્કૌંટર, મગરનાં સારવાં નહીં!
જૂઓ ખૂદનું ખેતર, બીજે ઢોર ચારવાં નહીં!
ચઢાવો ને ટીચકું, અમિત! હોય ખૂદની લીંપેલી -
કાચના ઘરમાં રહીને, પથ્થરા મારવા નહીં!
(મમતાના મલકમાં રેલી)

પહોંચાડશે! મેળો સાધુ-સાધ્વીનો - 'સંઘ' કાશીએ..
(ગુપ્ત એજંડાના નિવેદનો)

થાય ધરણાં! વારા ફરતી વારો - ધરાયા પછી!
(મુજ વીતી તુજ વિતશે)

હાઈકુ

ચિંતન

ન પુત્રાયર્તમશ્વર્ય કુર્યાદાર્ય કથશ્ચન । પુત્રાર્પિત પ્રભુત્વો અભૂદ ધૃતરાષ્ટ્ર સ્તૃણોયમઃ ॥

આ પ્રાચીન શ્લોકમાં વરિષ્ઠ નાગરિકો માટે સલાહ-સૂચન આપવામાં આવ્યું છે. પ્રાચીનકાળથી ચાલ્યા આવતા સાંસારિક અનુભવોમાં સત્યનો કેવો અને કેટલો નિચોડ છે તે શ્લોક દ્વારા સમજાય છે :

'સમજુ માણસે, પોતાનું ઐશ્વર્ય (ધન-સમૃદ્ધિ-સત્તા) સર્વસ્વ કદાપિ પુત્રને સમસ્ત રીતે અર્પિત ન કરી દેવું જોઇએ. નહિં તો પશ્ચાતાપ અને પરિતાપનો સમય આવે છે.'

રાજા ધૃતરાષ્ટ્રએ પોતાની સર્વ સત્તા-સમૃદ્ધિઓ દુર્યોધનને આપી દીધા પછી દુર્બુદ્ધિ દુર્યોધન અસત્યના માર્ગે ચઢી ગયો અને પિતાજી અને કાકા વિદુરજીની એક પણ સાચી સલાહ માનતો ન હતો; અને પરિણામે રાજસભાના બેઠેલા ધૃતરાષ્ટ્રને તદ્દન સત્તા વિહીન અને મૌન રહી તરણા જેવી સ્થિતિથી મૌન ધારણ કરી અન્યાયો અને દુરાચરણના સાક્ષી થવું પડતું હતું. એવી લાચારી ભોગવવી પડે.

આજે ઐશ્વર્ય પ્રાપ્ત થઇ જતાં ઘણાં પુત્રો વડીલોને 'વૃદ્ધાશ્રમ'માં મૂકી આવે જ છે ને!

સુવિચાર

- કિસી કે દિલ મેં ક્યા હૈ, યે તો બસ ખુદા હી જાનતા હૈ.. દિલ અગર બેનકાબ હોતે... તો સોચો કિતને ફસાદ હોતે - અહમદ જયપુરી
- ફરજની રેખા સીધી છે ને સુંદરતાની રેખા વાંકી છે, તમે સીધી રેખાનો અમલ કરો... વાંકી પોતાની મેળે તમારી પાછળ આવશે - સંત ઓગસ્ટીન
- મૂર્ખમી બે જાતની હોય છે.. એક બોલકણી અને બીજી મૌન... એમાની પહેલી અસહ્ય છે - બાળાક
- દલીલ તો કોઇ પણ માણસ સાથે કરી શકાય.. પણ એ સમજવાની એને અક્કલ આપી શકાતી નથી - થોમસ જેફરસન
- મારી બધી જ સફળતાનો પાયો મારી નિષ્ફળતા છે - સ્ટીવ જોબ્સ
- મોટો વીર પુરૂષ એ કે જે ક્ષમાવાન છે અને ઝઘડાથી દૂર રહેવામાં માને છે- એસ. ભટ્ટાચાર્ય
- 'હું માફ કરી શકું છુ.. પણ ભૂલી શકતો નથી..' એમ કહેવું એ 'હું માફ કરી શકતો નથી' એમ કહેવાનો બીજો રસ્તો છે - હેનરી ડેવિડ થોરો

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

બુદ્ધિશાળી અને હાજરજવાબી લોકો ક્યારેય પણ મુશ્કેલીમાં મુકાતા નથી અને ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં મૂકાઇ જાય તો પણ સરળતાથી રસ્તો કાઢી લેતા હોય છે.

મુલ્લાં નસરૂદ્દીન અને અબ્દુલ હતા તો મિત્ર પણ અબ્દુલ લુચ્ચો હતો. મુલ્લાંજીને અવારનવાર હડફેટમાં લેવાના જ પ્રયત્ન કરતો.

ભારત-પાકિસ્તાનની ક્રિકેટ મેચ હતી. અબ્દુલ કહે મિયા આ મેચમાં કોન જીતશે?

નસરૂદ્દીન કહે - ભારત જ જીતશે, પાકિસ્તાનની ટીમ હમણાં નબળી ચાલે છે.

અબ્દુલ કહે - લગાવો શરત - પાકિસ્તાન જ જીતશે - જો હું સાચો પડું તો હું માગે તે તમારે આપવું - નહીં તો હું તમે માગશો તે આપીશ - બરાબર! મુલ્લાં એ હા પાડી.

.. અને પાકિસ્તાન જીત્યું.

મુલ્લાં કહે - માગી લે દોસ્ત, તારી ઇચ્છા હોય તે માગ.

અબ્દુલ કહે - મને એક દિવસ આપો - વિચારીને માગીશ.

મુલ્લાએ તરત કહ્યું - જા તને એક દિવસ દીધો..

બીજે દિવસે સવારના પ્હોરે અબ્દુલ આવ્યો - ને કહ્યું.

મુલ્લાં મને એક સુંદર હૃષ્ટપુષ્ટ ઘોડો આપો..

મુલ્લાં કહે - કેમ? શા માટે? અબ્દુલ કહે - હું શર્ત જીત્યો હતો ને?

મુલ્લા કહે એનો હિસાબ તો કાલે જ થઇ ન ગયો? તમે કહ્યું 'મને એક દિવસ આપો.' એટલે મેં કહ્યું 'દીધો' ..વાત થઇ પૂરી. અબ્દુલ સમસમી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

લોઢાના ચણા ચાવવાથી પણ વધુ મુશ્કેલ કામ

વિચાર-વલોણું

શરૂઆતથી જ મારા મનમાં એક વાત સ્પષ્ટ હતી કે વિદ્યાર્થીઓ માત્ર ખેતીવાડીનું કામ જ નહીં પણ પોતાના માટેનાં મકાન પણ જાતે જ ઊભા કરે એ જરૂરી હતું. આમાં મારી બે નેમ હતી. એક તો જાતે કામ કરવાથી વિદ્યાર્થીઓના હાથમાં કસબ આવવાનો અને તેઓ વિવિધ ઓજાર વાપરતા શીખવાના અને બીજું વધું મહત્ત્વનું એ કે તેઓ મહેનતની કદર કરતા શીખવાના. શરૂઆતમાં આ રીતે વિદ્યાર્થીઓ પાસે કામ કરાવવાના મારા પ્રયોગ સામે વિરોધ થયો પણ મેં કહ્યું, 'આપણું પહેલું મકાન કોન્ટ્રાક્ટર પાસે બંધાવેલ મકાન જેવું સુંદર નહીં હોય. પણ જાતે મકાન બાંધવાથી વિદ્યાર્થીઓમાં જે આત્મવિશ્વાસ આવશે, તેમનામાં જે નૈતિક સંસ્કારિતા પાંગરશે, એની સામે મકાનની અગવડ કોઇ હિસાબમાં નથી. આજે ઓગણીસ વર્ષ પછી પણ વિદ્યાર્થીઓની મહેનતથી મકાન ઊભા કરવાનો શિરસ્તો ચાલુ છે અને એ દરમિયાન અમે કુલ ચાળીસ મકાન બાંધ્યા છે. આ પ્રયોગમાંથી કસાઇને તૈયાર થયેલા અમારા વિદ્યાર્થીઓ આજે ઠેરઠેર સ્વમાન અને આત્મવિશ્વાસ ભર્યું જીવન જીવે છે. વિદ્યાર્થીઓની એક પેઢી પાસેથી બીજી પેઢીને કસબ અને જ્ઞાન મળતાં રહ્યાં છે અને મેં જોયું છે કે જ્યારે કોઇ નવો વિદ્યાર્થી અમારા મકાનની દિવાલ પર પેન્સિલથી લીટો કે ચાકુથી ઘસરકો કરતો દેખાય ત્યારે તરત જ એકાદ જૂનો વિદ્યાર્થી એને ટોકીને કહે છે, 'ભાઇ, આ આપણું બિલ્ડીંગ છે. એ બાંધવામાં મેં મારો પરસેવો પાડ્યો છે. ભલો થઇને એને બગાડતો નહીં.'

એ દિવસોમાં મારી સહુથી કપરી કસોટી ઇંટો બનાવવાના કામમાં થઇ હતી. મકાનો બાંધવામાં અમને ઇંટોની જરૂર હતી જ, પણ ટસ્કેજી ગામમાં ઇંટો પાડવાની એક ભઠ્ઠી ન હતી. અમારી પાસે પૈસા તો નહોતા જ પણ ઇંટો બનાવવાનો અનુભવ પણ નહોતો. વળી એ ગંદુ અને સખત મજુરીનું કામ હતું, એટલે વિદ્યાર્થીઓને એમાં આકર્ષવા અઘરું હતું. એમનો મજૂરી પ્રત્યેનો અણગમો આ ઇંટો બનાવવાની વાતમાં ચોખ્ખો દેખાઇ આવતો. ઘૂંટણ સમાણા કાદવમાં કલાકો સુધી ઊભા રહી કામ કરવું કોને ગમે? હું માનતો હતો કે ઇંટો બનાવવી એ સહેલું કામ છે, પણ થોડા કડવા અનુભવ પછી મને સમજાયું કે એ કામ - ખાસ તો ઇંટો પકવવાનું - વિશિષ્ટ જ્ઞાન અને અનુભવ માંગી લે છે. ખૂબ મહેનત કરીને અમે હજારો ઇંટો પાડી અને ભઠ્ઠીમાં પકવવા મૂકી. પણ ભઠ્ઠીની અમારી રચના ભૂલભરેલી નીકળી અને અમે અસફળ થયા. તરત જ અમે બીજી ભઠ્ઠી તૈયાર કરી. પણ ત્યાં પણ અમે સફળ ન થયા. અમારી ત્રીજી ભઠ્ઠી અડધી રાત્રે ભાંગી પડી ને અમે ત્રીજી વાર નિષ્ફળ ગયા. એ પછી વધુ પ્રયોગ કરવા માટે મારા ખિસ્સામાં એકેય પૈસા બચ્યો નહોતો. એ વખતે મને યાદ આવ્યું કે મારી પાસે એક ઘડિયાળ હતું. ઘરેણાની એક દુકાનમાં એ ગીરો મૂકી હું પંદર ડોલર લઇ આવ્યો અને અમે ચોથી ભઠ્ઠી બનાવી. આ વખતે અમે સફળ થયા. એ ઘડિયાળ મને ફરી કદી જોવા નથી મળ્યું, પણ એ ગુમાવ્યાનો મને કદીય અફસોસ થયો નથી. ઇંટોનો ઉદ્યોગ હવે અમારી શાળાનો મહત્ત્વનો ઉદ્યોગ બની રહ્યો છે અને ગયા વર્ષે અમારા વિદ્યાર્થીઓને ઉત્તમ પ્રકારની બાર લાખ ઇંટો બનાવી. અમારા ઘણા યુવાનો હવે ઇંટો બનાવવામાં નિપુણ થયા છે અને દક્ષિણમાં ઘણી જગ્યાએ એ ઉદ્યોગમાં તેઓ મહત્ત્વનું કામ કરી રહ્યાં છે.

ઇંટો બનાવવાના પ્રયોગમાંથી હું ગોરા અને કાળા લોકો વચ્ચેના સંબંધો અંગે એક નવી વાત શીખ્યો. જેમને શાળા પ્રત્યે કોઇ સહાનુભૂતિ ન હતી એવા ગોરાઓને જ્યારે ખબર પડી કે અમારી ઇંટો બહુ સારી હતી ત્યારે એ સહુ અમારે ત્યાં ઇંટો લેવા આવતા થયા. એમને જોયું કે શિક્ષણ પ્રાપ્ત કરેલો કાળો માણસ નકામો તો નથી જ બનતો, ઊલટાનો એ એક સારો નાગરિક બની સમાજને વધુ સમૃદ્ધ બનાવે છે. ગામના લોકો સાથે અમારી ઓળખાણ વધી ને વ્યવહાર શરૂ થયો. તેમને જેની જરૂર હતી એ અમે આપી શકતા હતા, અને તેમની પાસે જે હતું તેનો અમારે ખપ હતો. આ વ્યવહારના આધારે બંને કોમ વચ્ચે જે સંબંધો બંધાયા એ સતત વધી રહ્યા છે. મારો અનુભવ છે કે પ્રત્યેક વ્યક્તિના સ્વભાવમાં એક એવું તત્ત્વ રહેલું છે જે અન્ય વ્યક્તિમાં રહેલ આવડતની કદર કરવા મજબૂર કરે છે, એવી વ્યક્તિનો આદર કરવાની ફરજ પાડે છે. એવી આવડત ધરાવનારની ચામડીનો રંગ કાળો છે ગોરો એ હકીકત પછી ગૌણ બની જાય છે. આવી સિદ્ધિ રંગભેદનો દ્વેષ દૂર કરવામાં ખૂબ મદગાર બને છે. કાળા માણસની તરફેણમાં કરેલા અનેક મોટાં ભાષણો કરતાં, એકાદ કાળા માણસે - હબસીએ બાંધેલું એક સુંદર મકાન કે ઘોડાગાડી ઘણું બધું વધારે કહી જાય છે. અમારી બગ્ગી, ગાડાં અને એવાં બીજા વાહનો બનાવવામાં પણ અમે 'ઉદ્યોગ દ્વારા શિક્ષણ' ના અમારા આ સિદ્ધાંતનો અમલ કર્યો. અમારા વિદ્યાર્થીએ બનાવેલ આવા અનેક સાધનોનો અમારા રોજિંદા કામમાં બહોળો ઉપયોગ થાય છે અને સ્થાનિક બજારમાં પણ આ વસ્તુઓની સતત માગ રહે છે. વિદ્યાર્થીઓએ જ આ વસ્તુઓ બનાવી હોવાથી જરૂર ઊભી થાય ત્યારે એનું સમારકામ પણ તેઓ કરી શકે છે. આ પરિસ્થિતિ અમારા વિદ્યાર્થીને સમાજમાં માનભર્યું સ્થાન મેળવી આપે છે. સમાજને જે વસ્તુની જરૂર હોય છે તે વસ્તુ બનાવનારી વ્યક્તિ પ્રત્યે સમાજ હંમેશા માનથી જ જુએ છે, પછી ભલે એ વસ્તુ બનાવનારા હાથ કાળા હોય.

અમે જ્યારે ઇંટો બનાવવામાં સફળ થયા લગભગ એ જ સમયે વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે તમે એમની પાસે કામ કરાવો છો એ બરાબર નથી એવો વિરોધનો સૂર ઊઠવા માંડ્યો. ઘણા વાલીઓએ અમને પત્ર લખી પોતાના દીકરા-દીકરીને શાળામાં મહેનત મજૂરી કરવી પડે છે એ બરાબર નથી એવો વિરોધ નોંધાવ્યો. નવા વિદ્યાર્થીઓમાંના મોટાભાગના વાલીઓની લેખિત અથવા મૌખિત સૂચના લઇને જ આવ્યા છે કે 'અમારા બાળકને માત્ર ભણાવજો, એની પાસે મજૂરી ન કરાવશો' મેં આવા વિરોધ પ્રત્યે બહુ લક્ષ્ય ન આપ્યું. પણ એ સાથે જ વાલીઓ સાથે સંવાદ સાધી તેમને હુન્નર અને ઉદ્યોગનું શિક્ષણમાં કેટલું મહત્ત્વ છે, એ સમજાવવાનું હું ચૂક્યો નહીં. ઔદ્યોગિક શિક્ષણ બદલ આવી જાહેર નારાજી છતાં અમારી શાળામાં નવા દાખલ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જ રહી.

અમારાં મકાનો માટે ફાળો મેળવવા ૧૮૮૪ના ઉનાળામાં મેં અને મિસ ડેવિડસને ઉત્તરનો પ્રવાસ કર્યો. મેસેચ્યુટેસ્ટ રાજ્યના નોર્ધમ્પ્ટન ગામમાં જઇને જેમને ઘેર હું રહી શકું એવા અમારી કોમના એકાદ કુટુંબની તપાસ કરી, કારણ કોઇ પણ હોટલમાં મને રાતવાસો કરવા દેશે એવી જરાયે આશા નહોતી. જ્યારે હોટેલવાળાએ મને પ્રવેશ આપવાની તૈયારી બતાવી ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. અમને ફાળો મળ્યો, એટલું જ નહીં અમારું પહેલું મકાન બાંધી શકે એટલા પૈસા મળ્યા, અને એ વર્ષના નવેમ્બર મહિનામાં અમે એ મકાનમાં આવેલા દેવળમાં એકઠા થઇ પ્રભુની પ્રાર્થના કરી.

એ વર્ષે વોરેન લોગન નામના એક ખૂબ યુવાન ગૃહસ્થ શાળાની સેવામાં જોડાયા અને આજે સંસ્થાએ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એમાં એમનો સિંહફાળો છે. એમનું નિઃસ્વાર્થપણું, ધંધાદારી સૂઝ અને તત્કાળ યોગ્ય નિર્ણય લઇ શકવાની કુનેહને આધારે જ આજે હું લાંબા સમય સુધી નિશ્ચિતપણે સંસ્થાથી દૂર રહી શકું છું.

સંસ્થામાં હવે વિદ્યાર્થીઓની સંખ્યા વધી હતી. એથી પહેલા મકાનનો એક ભાગ રહેવા લાયક થયો કે તરત જ અમે છાત્રાલય શરૂ કર્યું. નવા મકાનમાં રસોડું અને ભોજનશાળાની વ્યવસ્થા કરવામાં મેં વિદ્યાર્થીઓની મદદ માંગી અને અમારી પાસે રાંધવાની અને જમવા બેસવાની કામચલાઉ સગવડ થઇ ગઇ. પણ કશા પણ ફર્નિચર વગર છાત્રાને એ મકાનમાં રહેવ શી રીતે કહેવું? ફર્નિચર ખરીદવા માટે તો અમારી પાસે પૈસા જ નહોતા. આમ છતાં, કામચલાઉ ચૂલા પર રાંધવું અને થાળી - ચમચા વગર જમવું એ કાંઇ સહેલી વાત નહોતી. શરૂમાં તો બહાર ખુલ્લામાં ચૂલો સળગાવી રસોઇનું કામ ચલાવ્યું. મકાનના બાંધકામ વખતે જે લાકડાના ઘોડા બનાવેલાં એમાંથી જ અમે જમવા માટેના ટેબલ બનાવ્યા. છાત્રાલય સાથે સંકળાયેલામાંથી કોઇને પણ ખ્યાલ નહોતો કે રોજ સવાર-સાંજ ભોજન માટેનો ચોક્કસ સમય હોવો જોઇએ. લગભગ બધી જ વ્યવસ્થા ઠેકાણા વિનાની હતી. પણ ધીમેધીમે, ધીરજ અને શાંતિથી અમે બધી અવ્યવસ્થા દૂર કરી શક્યા આજે જ્યારે હું એ પરિસ્થિતિનો તટસ્થપણે વિચાર કરું છું ત્યારે થાય છે કે અમારે એ બધી સગવડ અને મુશ્કેલીમાંથી પસાર થવું પડ્યું એ સારું જ થયું. જો અમારી શરૂઆત સુંદર અને સગવડભર્યા મકાનમાં થઇ હોત તો અમારા બધાના મગજ કોણ જાણે ક્યાં આસમાનમાં હોત. આજે જ્યારે અમારા જૂના વિદ્યાર્થીઓ મુલાકાતે આવે છે ને અમારો વિશાળ ભોજનખંડ જુએ છે અને એમાં સ્વાદિષ્ટ ભોજન જમે છે અને બાકીના સહુને ઘોંઘાટ કે ગડબડ વગર જમતા જુએ છે ત્યારે એ સહુ ભૂતકાળના દિવસો યાદ કરી કહે છે, 'આ બધું જરૂર સારું જ છે, પણ આપણે જ્યારે સતત મુશ્કેલીઓ સામે લડતા હતા તે દિવસોની મજા કાંઇ ઓર જ હતી.'

જીવન એક સંગ્રામ છે અને તેમાં ડગલે પગલે સાહસ આવે જ, વિદ્યા વિનય આપે છે, વિનયથી યોગ્યતા પ્રાપ્ત થાય છે, યોગ્યતાથી ધન મળે છે ધનથી ધર્મની સુખની પ્રાપ્તિ થાય છે

આદર્શ વિદ્યાર્થી આપણે છીએ તો પરીક્ષા છે

- નટવર આહલપરા

વિદ્યાર્થીએ ગુરુ પાસે પોતાનું જીવન સુધરે, શીલ અને સંસ્કાર આવે એવી ભાવનાથી જવું જોઇએ. વિદ્યાર્થી તો વિદ્યાનો ઉપાસક છે. પરંતુ આદર્શ વિદ્યાર્થીને વ્યાખ્યાના ચોકઠામાં શબ્દબદ્ધ કરવો મુશ્કેલ છે.

તેજસ્વી અભ્યાસ ધરાવતો હોય, તેને આદર્શ કહેવો? વિનયી, સંસ્કારી, સુઘડ, મહેનતું, બુદ્ધિશાળી, નિયમિત કે ઉત્સાહી તેને વિદ્યાર્થી કહેવો? આમાંનો કયો વિદ્યાર્થી આદર્શ ગણાય? પોતાના વિવેકને પોતાનો શિક્ષક બનાવી લે, કર્મને, વચનને અનુરૂપ અને વચનને કર્મને અનુરૂપ કરી લે તે સાચો વિદ્યાર્થી.

આદર્શ વિદ્યાર્થી એટલે અનુકરણીય વિદ્યાર્થી. અન્ય વિદ્યાર્થી પોતાના સમગ્ર વ્યક્તિત્વની એક સુંદર છાપ ઉપસાવી તેમને સન્માર્ગે વાળી શકે, એ આદર્શ વિદ્યાર્થી, તે એ જ કહેવાય ને? વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાપ્રાપ્તિ એ જ વિદ્યાર્થીનું એક માત્ર ધ્યેય હોવું જોઇએ. એનું તાત્પર્ય એવું નથી કે, વિદ્યાર્થી પુસ્તકિયો કીડો કે કૂપમંડૂક રહે. વિદ્યાર્થીઓને સુંદર પ્રેરણા આપતી અંગ્રેજી પંક્તિ નીચે પ્રમાણે છે :

I alone have the power to make my life.

મારે મારી જિંદગી બગાડવી કે કેવળ સુધારવી તે મારા હાથમાં છે.

શીલ અને સંસ્કાર તો વિદ્યાર્થીની અમૂલ્ય પૂંજી છે. આજનો વિલાસી યુગ વિદ્યાર્થીને ભરખી ગયો છે. એમાંથી વિદ્યાર્થી પણ બાકાત નથી રહ્યો. પરંતુ આદર્શ વિદ્યાર્થીએ પોતાના ચારિત્રને કઇ પણ ભોગે રક્ષવું જોઇએ. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા અને સહૃદયતાપૂર્વકની એની કર્તવ્યનિષ્ઠા અન્ય વિદ્યાર્થી માટે આદર્શરૂપ બની જાય છે.

વિવેકાનંદ, શાસ્ત્રીજી, ગાંધીજી, રામતીર્થ, દયાનંદ કે અન્ય મહાપુરુષના જીવનને તપાસીને જીવન આગળ ધપાવવાનું જોઇએ. સો માઇલ લાંબા પ્રવાસ કે સફરની શરૂઆત માત્ર એક ડગલાથી જ થાય છે. તો ચાલો મારા ભારતીય વિદ્યાર્થી મિત્રો, આપણે આપણાં પાસાંઓ તપાસી જીવનલક્ષ્ય સફળ કરીએ. એમાં જ આપણું કલ્યાણ છે. અંગ્રેજીમાં કહેવત છે કે,

Nothing venture, nothing have - સાહસ નહિ, તો સિદ્ધિ નહિ.

જીવન એક સંગ્રામ છે અને તેમાં ડગલે પગલે સાહસ આવે જ. વિદ્યા વિનય આપે છે, વિનયથી યોગ્યતા પ્રાપ્ત થાય છે. યોગ્યતાથી ધન મળે છે ધનથી ધર્મની સુખની પ્રાપ્તિ થાય છે.

લક્ષ્ય સફળ બનાવવા માટે વિદ્યાર્થીએ પોતાના આંખ અને કાન ખુલ્લા રાખીને રહેવું જોઇએ. અત્યંત વિશાળ વાંચનની આદત કેળવવી જોઇએ. વર્તમાન જગતના પ્રવાહોથી તે સંપૂર્ણ રીતે માહિતગાર હોવો જોઇએ. આવું વિરલ વ્યક્તિત્વ વિકસાવી શકે તે જ આદર્શ વિદ્યાર્થી.

વિદ્યાર્થી શબ્દ સાંભળતાં જ મનમાં પ્રશ્ન ઊઠે છે. ક્યાં આજનો રખડું વિદ્યાર્થી (ખરી રીતે પરીક્ષાર્થી જ) અને ક્યાં પ્રાચીનકાળનો જિજ્ઞાસુ વિદ્યાર્થી? સાદાં કપડાં પહેરનાર, બ્રાહ્મ મૂહૂર્તે ઊઠનાર, ગુરુદેવની સેવા કરનાર, કુદરતને ખોળે બેસી શિક્ષણના પાઠ ભણનાર પ્રાચીન વિદ્યાર્થી સાચે જ વિદ્યાનો અર્થી હતો. વિદ્યાર્થીમાં ચંચળતા નહીં એકાગ્રતા હોવી જોઇએ.

શિસ્ત એ આજનો સળગતો પ્રશ્ન છે. શિસ્ત એટલે સ્વયનિયંત્રણ માણસે પોતાની વૃત્તિઓ અને વિચારો પર બુદ્ધિપૂર્વકનો વિવેક દાખવવો અને એ પ્રમાણે વર્તવું એનું નામ શિસ્ત. શિસ્તમાં નથી ડર કે નથી ધામધમકી. શિસ્ત વિદ્યાર્થીએ વધુ સ્પર્શે છે. વિદ્યાર્થી અવસ્થા એટલે શિસ્ત કેળવવાનું સાધન. જીવન ઘડતરનો પાયો શિસ્ત છે.

'કુમળો છોડ જેમ વાળીએ તેમ વળે' એ દૃષ્ટિએ વિદ્યાર્થી અવસ્થામાં કેટલીય ખાસિયતો કાયમને માટે સ્થાન પામે છે. ઘોડાને ચાબુક અને હાથીને અંકુશની જરૂર હોય છે. એમ અલ્લડ વિદ્યાર્થીને શિસ્ત વડે સંયમમાં રાખી શકાય છે. શિસ્ત વિનાના સમાજની કદર થતી નથી તેમ શિસ્ત વગરનો વિદ્યાર્થી વિદ્યાર્થી નથી.

વિદ્યા પૈસા મેળવવા માટે ભણવાની નથી, વિદ્યા તો જીવનનું દર્શન કરવા, સુખ, શાંતિ અને સમાધાન મેળવવા તેમ જ ઇશુતત્ત્વ પાસે પહોંચવા માટે મેળવવાની છે.

વિદ્યાર્થીએ શિસ્તને વળગી રહેવું જોઇએ. વર્ગમાં તાસ સમયે વાતચીત ન કરવી જોઇએ, પોતાનું ઘરકામ વ્યવસ્થિત કરવું જોઇએ. શાળામાં સમયસર આવવું અને જવું જોઇએ. ગણવેશ નિયમિત પહેરવો જ જોઇએ. શાળા એ વિદ્યાર્થીનું ઘર છે. સરસ્વતીનું પવિત્ર મંદિર છે, એની સ્વચ્છતા પૂરેપૂરી જાળવવી જોઇએ.

શાળાના વર્ગોને બગાડવા ન જોઇએ. ફર્નિચરને નુકશાન ન પહોંચાડવું જોઇએ; મેદાનો સ્વચ્છ રાખવાં જોઇએ. નાની વયે જેટલી સારી ટેવ પાડી શકાય એટલી જિંદગીભર ઉપયોગી નીવડે છે. અશિસ્ત એ સામાજિક અને નૈતિક ગુનો છે. એના અભાવથી બાળક બગડે છે એટલું જ નહીં પણ સમાજદ્રોહી બને છે. અવિવેકી અને ઉચ્છૃંકલ બની સ્વનાશને નોતરે છે.

આજે શિસ્તસંબંધી નવા વિચારો કેળવણીકારો વહેતા મૂકવા છે. એમાં મૂક શિસ્તનું મહત્ત્વ સમજાયું છે. વિદ્યાર્થી આલમને શિસ્તના નામે કડક ચોકી પહેરામાં દાબી રાખવા એ શિસ્ત નથી. એને બદલે એની વૃત્તિઓને સમજી, એના મનની લાગણીઓને વાચા આપી એને અનુકૂળ રીતે વર્તવાની છૂટ આપવી એ એને સાચા અર્થમાં કેળવવા બરાબર છે. સંયમમાં રહી આનંદ અને ઉલ્લાસનો અનુભવ કરે છે.

આજની અશિસ્તમાં આપણા સામાજિક રીતરિવાજો, વડીલો, ફિલ્મો, ટેલિવિઝન, ફેશનપરેડ, અનુકરણ વગેર જવાબદાર છે. અસામાજિક તત્ત્વો, ભ્રષ્ટાચાર અને સિનેમાસ્થળો પણ મુકત નથી. આ બધા બહેકાવાથી આજના બાપડા વિદ્યાર્થીને બચાવવો એ જ ખરી શિસ્ત છે.

યુવાન મેડિકલ, સેલ્સમેન, રેડિયો ટી.વી., એનાઉન્સર, ન્યુઝ રીડર, સરકારી, અર્ધસરકારી ખાતાઓનાં ઓફિસર, ડૉકટર, ઇજનેર, ઉદ્યોગપતિ વગેરેના વ્યક્તિત્વનું મહત્ત્વનું પાસું શિસ્ત જ હોય છે. જીવનમાં આગળ વધવા માટે શિસ્ત મહત્ત્વનો ભાગ ભજવે છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા પ્રગટ કરાયેલ બાળવાર્તાના બે પુસ્તકો

ભાવકો અને સર્જકો વચ્ચેનો સેતુ શબ્દસેતુ

સંપાદક નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા બાળવાર્તાના બે પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. જેમાં રાજ્યના જાણીતા બાળવાર્તાકારોની વાર્તાઓનો સમાવેશ કરાયો છે.

ચિલ્ડ્રન્સ યુનિ. દ્વારા આ અગાઉ 'ભૂલકાંઓનો ખજાનો' ભાગ-૧-૨-૩ પ્રગટ કરવામાં આવેલ. તે પછી તાજેતરમાં પ્રગટ થયેલ પુસ્તક વાર્તા.કોમ માં. ૨૭ જેટલી વાર્તાઓ સમાવવામાં આવી છે. જેમાં હરભાઇ ત્રિવેદી, જયભિખ્ખુ, રતીલાલ સાં. નાયક, રમણલાલ સોની, ચંદ્રકાન્ત બક્ષી, યશવંત મહેતા, ઝવેરચંદ મેઘાણી, નવનીત સેવક, હરિશ નાયક, શંભુપ્રસાદ ભટ્ટ સાથે સાથે અનંત વ્યાસ અને ગાંધીનગરના નટવર હેડાઉ 'વનવિહારી'ની વાર્તા 'વડલાની વાત' પ્રગટ કરવમાં આવી છે.

જ્યારે બીજા પુસ્તક વાર્તાનો રસથાળમાં ઇશ્વર પરમાર, કુમારપાળ દેસાઇ, જયમલ્લ પરમાર, મૂળશંકર ભટ્ટ, નગીનદાસ પારેખ, પોપટલાલ મંડળી, રમેશ પારેખ, તથાગત પટેલ, હુંદરાજ બલવાણી, લાભશંકર ઠાકર, રશીદ મુનશી, નાનાભાઇ ભટ્ટ વિગેરેની મળીને ૨૮ વાર્તાઓ પ્રગટ કરવામાં આવી છે.

- તાજેતરમાં ગાંધી વિચાર વર્તુળના ઉપક્રમે ગાંધીનગર નીકટના વાવોલની એમ.બી. પટેલ હાઇસ્કૂલ ખાતે ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષ સ્થાને સોમભાઇ પરમાર અને રમણભાઇની ઉપસ્થિતિમાં શાળાના આચાર્ય બળદેવભાઇ પટેલ અને શિક્ષકોને ગાંધીવિચારથી અવગત કરાવવા માટે સુંદર કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં ભાનુભાઇ પુરાણીએ ગાંધી જીવન દર્શન અંગે માનવીય પ્રવચન આપ્યું હતું. જ્યારે અતિથિ વિશેષ ઉપસ્થિત નટવર હેડાઉએ ગાંધીવિચાર પર આધારિત 'મીની મહાત્મા' વાર્તા દ્વારા બાળકોને ગાંધી વિચારની પ્રસ્તુતિ આજના સમયમાં પણ સમજાવી હતી. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી અને ગામના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોને ગાંધીજીના જીવન પ્રસંગોની પુસ્તિકા ભેટ આપવામાં આવી હતી.

- ધૂમકેતુનો જન્મદિવસ ઉજવાશે

નવલિકાકાર, નવલકથાકાર, નિબંધકાર અને નાટ્યકાર એવા ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'ની ૧૨૨મી જન્મ જયંતિ નિમિત્તે 'ધૂમકેતુ' પુનઃવિધાન કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું છે. ૧૨ ડિસેમ્બર સાંજે ૬.૦૦ વાગે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ચંદ્રકાન્ત ટોપીવાળા વક્તવ્ય આપશે. ધૂમકેતુ એ ગદ્યના અનેક સ્વરૂપો ખેડ્યાં છે. પરંતુ તેમની ખ્યાતિ વાર્તાકાર તરીકેની છે. કલાત્મક વાર્તાઓનાં સર્જનથી તેઓ ગુજરાતી નવલિકાના આદ્ય પ્રણેતા ગણાય છે.

- માવજી મહેશ્વરીની નવલકથા 'મેળો' ની ત્રીજી આવૃત્તિ પ્રગટ થયેલ છે. જેનું પ્રકાશન ડિવાઇન પબ્લિકેશન દ્વારા કરવામાં આવ્યું છે.

- ભૂજથી પ્રકાશિત થતા 'કચ્છમિત્ર' દૈનિકમાં રમેશ તન્નાની કોલમ 'ખુલ્લી બારી' શિર્ષકથી શરૂ થયેલ છે. જેમાં તેઓ વિવિદ વિષયો અંગે રસપ્રદ લેખો આપશે.

- તાજેતરમાં ગાંધીનગર સ્થિત જાણીતા વાર્તાકાર કલ્પેશ પટેલનું વાર્તા પઠન ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે પાક્ષીકા કાર્યક્રમ અંતર્ગત યોજાયું હતું.

- 'શબ્દ શ્રી' અમદાવાદના ઉપક્રમે તા. ૧૪/૧૨/૨૦૧૪ ના સાંજે ૬.૦૦ કલાકે સુખ્યાત યુવા કવિ નિખિલ જોશીના કાવ્ય સંગ્રહ 'કાગળનો દરિયો ને અક્ષરની હોડી' નું વિમોચન કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટના હસ્તે કવિશ્રી ચિનુ મોદીની અધ્યક્ષતામાં યોજાનાર છે. જેમાં કવિ સંમેલનમાં ગાંધીનગરના કવિ કનૈયાલાલ ભટ્ટ ઉપરાંત રમેસ ઠક્કર, પ્રશાંત કેદાર જાદવ, અશોક ચાવડા, ચંદ્રેશ મકવાણા, રક્ષા શુક્લ, વિનય દવે કાવ્ય પઠન કરશે. કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગાસ્વામી કરનાર છે. આ કાર્યક્રમ સાહિત્ય પરિષદ ખાતે યોજાશે તેમાં પધારવા કાવ્યભીનું નિમંત્રણ આયોજકોએ પાઠવેલ છે.